APAR INDUSTRIES LTD.

REGD. OFFICE & MARKETING OFFICE :
301/306, PANORAMA COMPLEX,
R. C. DUTT ROAD, VADODARA - 390007. INDIA
T : (+91) (265) 2323175 / 2323176
(+91) (265) 2322798
F : (+91) (265) 2330309
E : apar.baroda@apar.com
url : www.apar.com

SEC/0701/2020 **By E-Filling** 7th January, 2020

National Stock Exchange of India Ltd. "Exchange Plaza", C-1, Block G, Bandra- Kurla Complex, Bandra (E), **Mumbai – 400 051.** **Scrip Symbol : APARINDS** **Kind Attn.: The Manager, Listing Dept.**	BSE Ltd. Corporate Relationship Department, 14th Floor, Phiroze Jeejeebhoy Towers, Dalal Street, Fort, **Mumbai - 400 001.** **Scrip Code : 532259** **Kind Attn. : Corporate Relationship Dept.**

Dear Sirs,

Sub: Submission of Newspaper Advertisement published pursuant to SEBI Circular No. SEBI/HO/MIRSD/DOS3/CIR/P/2018/139 dated 6th November, 2018.

Please find enclosed herewith a copies of the newspaper advertisements published pursuant to the SEBI Circular No. SEBI/HO/MIRSD/DOS3/CIR/P/2018/139 dated November 6, 2018 w.r.t. standardised norms for transfer of securities in physical mode.

We request you to kindly take the same on records.

Thanking you,

Yours Faithfully,
For Apar Industries Limited

(Harishkumar Malsatter)
Assistant Manager – Secretarial & Legal

Encl. : As above

NOTICE

NOTICE is hereby given that the certificates for 8 Equity shares bearing distinctive Nos. 52734741 to 52734748 and certificate No. 174455 of M/s UPL Limited standing in the names of Maheshkumar A. Mehta and Ushaben M. Mehta have been lost or mislaid and undersigned have applied to the Company to issue duplicate certificate for the said shares. Any person(s) who have claim in respect of the aforesaid shares should lodge such claim with the Company at its Registered office : 3-11,GIDC, Vapi-396195 within 15 days from this date else the Company will proceed to issue duplicate certificates.

Sign/-
Maheshkumar A. Mehta
Ushaben M. Mehta

ASSAM POWER DISTRIBUTION COMPANY LIMITED

A fully customer centric company

TENDER NOTIFICATION

IIFL FINANCE | ગોલ્ડ લોન

PUBLIC NOTICE

The branch of India Infoline Finance Ltd. Located at Shop No. 60/61, Ground Floor, National Plaza, Kapadwanj, Dist : Kheda - 387620, will be shifted to below mentioned address with effect from 8th February, 2020.

TORRENT POWER LIMITED INVITES BIDS FOR PROCUREMENT OF POWER ON SHORT TERM BASIS

Torrent Power Limited (TPL), a distribution licensee intends to procure power on short term basis for following cities and duration. TPL invites bids on e-Tender and e-reverse auction basis from interested parties.

Tender No.	Distribution	Duration	Time slot	Last date of submission

Godrej Consumer Products Limited

CIN: L24246MH2000PLC129806

Regd. Office: Godrej One, 4th Floor, Pirojshanagar, Eastern Express Highway, Vikhroli (E), Mumbai 400 079 **Tel No.:** 91 22 25188010/25188020 **Fax :** 91 22 25188040 **E-mail:** investor.relations@godrejcp.com **Website:** www.godrejcp.com

NOTICE

NOTICE is hereby given that the Board of Directors of the Company will meet on Wednesday, January 29, 2020, *inter alia*, for the following:

1) to take on record the unaudited financial results for the quarter ended December 31, 2019;
2) to consider declaration of interim dividend;

If the Board declares interim dividend at the above meeting, please note that the Record Date for ascertaining the names of the shareholders who will be entitled to receive the interim dividend will be Thursday, February 6, 2020. The said interim dividend, if declared, will be paid on Tuesday, February 18, 2020.

For Godrej Consumer Products Limited

V Srinivasan
Mumbai, January 6, 2020 **Chief Financial Officer & Company Secretary**

Cipla Limited

Cipla

CIN: L24239MH1935PLC002380

Regd. Office: Cipla House, Peninsula Business Park,

APAR INDUSTRIES LTD.

(CIN : L91110GJ1989PLC012802)

Registered Office : 301, Panorama Complex, R. C. Dutt Road, Vadodara - 390 007 (Gujarat), India.
Tel. No. : (0265) 2339906 **Fax :** (0265) 2330309 **E-mail :** com_sec@apar.com **Website :** www.apar.com

Pursuant to the Securities and Exchange Board of India (SEBI) Circular No. SEBI/HO/MIRSD/DOS3/CIR/P/2018/139 dated 06-11-2018, Notice is hereby given that the following Equity Share Certificate(s) of the Company have been lodged by the Transferee for transfer of Shares as contained in the respective share certificate(s) in his name.

Folio No.	Transferor's Name	Certi. No(s)	Distinctive Nos.	No. of Shares	Transferee's Name
N0000218	Neema	128069-128070 & 159203	1757156-1757167 & 24291719-24291722	16	Dharmendra Luniya

Any person(s) having a claim in respect of the said Share Certificate(s) mentioned herein above, should immediately send full details with documentary evidence of the claim to the Company at its Registered Office address so as to reach the Company within thirty(30) days from the date of publication of this Notice, failing which, the Company shall proceed for transfer of above referred shares in favour of the Transferee, without further information. A published copy of this Notice is being posted on Company's website at www.apar.com

For Apar Industries Limited
Sd/-
Sanjaya Kunder
Company Secretary

Place : Mumbai
Date : 06-01-2020



મેરેથોન દોડમાં ફ્લેગ ઓન કરતા વૈષ્ણવાચાર્યઓતાજેતરમાં વડોદરા ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વડપણ હેઠળ યોજાઈ જેમાં દોડમાં ભાગ લેનારાઓને પ્રોત્સાહીત કરવા વૈષ્ણવાચાર્યઓ પુ.શ્રી દ્વારકેશલાલ મહારાજ, વ્રજરજબાવા કાંકરોલી યુવા રાજકુમાર પુ. વેદાંતરાજા, લાલન શરણંમબાવા સહિત અનેક ધર્મગુરૂઓ ફ્લોગ ઓન માર્ચ કરી મેરેથોન દોડવીરોને ઉપસ્થિત રહી પ્રોત્સાહન પુરૂ પાડયું હતું.

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર વડોદરા ક્રિકેટ ટીમનું સમાપન



જબુગામ, તા. ૬

વડોદરા શહેરમાં રમતગમત ક્ષેત્રે કૌશલ્ય ખીલવવા માટે વૈષ્ણવ સમાજના યુવાનો માટે સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર (વી.પી.એલ) દ્વારા ત્રિદિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન પ્રમુખ પદાધિકારીઓ દ્વારા એસ.આર.પી. ગ્રાઉન્ડ ખાતે સુંદર આયોજન કરાયું હતું.

જેમાં પૂર્ણાહૂતિ યુવાનોના સાચા રાહબર પથદર્શક માર્ગદર્શક પુ.શ્રી દ્વારકેશલાલ મહારાજ (કલ્યાણરાય માંડવી) ઉપસ્થિતિ રહેતા તેઓના વરદ્હસ્તે ખેલાડીઓનું સેવાભાવી કાર્યકરોનું ટ્રોફી દ્વારા વિશિષ્ટ સન્માન કરાયું વૈષ્ણવો ડો. વિજય શાહ તેમની ટીમને યુવાઓએ ટુર્નામેન્ટના આયોજ નથી ખુશી વ્યક્ત કરી હતી. ટુર્નામેન્ટમાં સંખેડા દશાલાડ સમાજની ટીમ અવ્વલ નંબર રહીને સુકાની ડો. ધવલ શેઠને આયોજકો દ્વારા શિલ્ડ એનાયત કરાયો હતો. અંબુભાઈ શાહ પ્રકાશ શેઠ- રાજુ શાહ- ભારત શાહ, સુરેશ મહેતા સહિત અનેક આગેવાનો દક્ષેશ શાહ (ડેક્ષ) નૈતિક શાહ, નમન શાહ વિગેરે સુંદર આયોજનમાં સિંહફાળો આપ્યો હતો.

દાહોદના કુટલાખેડા ગામે

અજાણ્યા શખ્સોએ માનસિક અસ્વસ્થ યુવતીને ગર્ભવતી બનાવી

વડોદરા, તા. ૬

પિતાના અવસાન બમાદ માનસીક સમતુલન ઘુમાવી ચુકેલી ૨૫ વર્ષની યુવતિને કેટલાક અજાણ્યા શખ્સોએ તેણીનું શારીરિક શોષણ કરી ગર્ભવતી બનાવી દેતા તેણીને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી. કુંવારી યુવતીએ ગર્ભ ધારણ કરતા હોસ્પિટલમાં તબીબ દ્વારા પોલીસે કેસ નોંધાવવામાં આવ્યો હતો.

સમગ્ર બનાવની પ્રામ વિગતોનુસાર દાહોદ જીલ્લાના ઝાલોદના કુટણખેડા ગામ રહેતા બચુભાઈ બારીયાનો પરિવાર રહે છે. બચુભાઈ અવસાન તયા બાદ તેની પુત્રી મનીષાબેન બારીયા (ઉ.વ.૨૫) એ માનસિક સમતુલન ગુમાવી દીધનું હતું. તે બાદ આ યુવતી ગામમાં એકલી અટુલી ફર્યા કરતી હતી. જેનો લાભ ઉઠાવી કેટલાક અજાર્યા શખ્સોએ યુવતીનું શારીરિક શોષણ કરી ગર્ભવતી બનાવી હતી. જોકે યુવતીને છેલ્લા નવ માસથી માસીક સ્ત્રાવ બંધ થઈ જતા પરિવારજનોને આ બાબતની જાણ થતા તેણીને તપાસ માટે દાહોદની સ્થાનિક જડયર્સ હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.

ફરજ પરના તબીબોને આ કેસ રોકાણસ્પદ લાગતા મનીષા બારીયાને વધુ સારવાર માટે અત્રેની સયાજી હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી. જયાં ફરજ પરના તબીબોએ મનીષા બારીયાની સારવાર હાથ ધરતા તેણીને પેટમાં ૩૫ આઠવાડીયાનો ગર્ભ હોવાનું નિદાન આવ્યું હતું. તબીબની પુછપરછમાં યુવતી દર્દી કુવારી તેમજ માનસિક અસ્વસ્થ હોવાથી તબીબે એમએઓ દ્વારા પોલીસને જાણ કરી હતી. પોલીસે આ મામલે ઈપીઆર નોંધી લીમખેડા પોલીસને આ બનાવ અંગેની જાણ કરી હતી.

સીએએ વિરૂધ્ધ થઈ રહેલા મોટાભાગના પ્રદર્શન રાજકારણથી પ્રેરિત : અમિત શાહ

ન્યુ દિલ્હી,તા.૬

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ નાગરિકતા સંશોધન કાયદાની વિરુદ્ધ પ્રદર્શનોને મોટાભાગે રાજકીય કરાર કર્યા અને કહ્યું કે કોઈ પણ ભારતીય આ કાયદાના કારણે પોતાની નાગરિકતા નહીં ગુમાવે. અમિત શાહે કૉંગ્રેસ નેતાઓ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને સીએએમાં એક પણ આવી જોગવાઈ બતાવવાનો પડકાર આપ્યો જેમાં કોઈની ભારતીય નાગરિકતા છીનવાઈ રહી હોય.અમિત શાહે એક ન્યૂઝ ચેનલ સાથેની મુલાકાતમાં કહ્યું કે, હું એ વાતથી સહમત છું કે મોટાભાગના રાજકીય પ્રદર્શન છે. કેટલાક લોકો ગેરમાર્ગે દોરાયા છે પરંતુ અમે તેમને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ગૃહ મંત્રીએ કહ્યું કે, સીએએ હેઠળ સરકાર પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશના ઉત્પીડિત લઘુમતીઓને નાગરિકતા આપવા માંગે છે. તેઓએ કહ્યું કે, હું સ્પષ્ટપણે કહેવા માંગું છું કે સીએએમાં એવી જોઈ જોગવાઈ નથી જેના કારણે કોઈની નાગરિકતા છીનવાઈ શકે છે. ગૃહ મંત્રીએ કહ્યું કે આ ત્રણેય દેશોના શરણાર્થીઓને નાગરિકતા આપે છે.શાહે વધુમાં કહ્યું કે, હું દઢતાથી કહું છું કે આ શરણાર્થી ભાઈ, જે ભારત આવ્યા છે, આપણા છે અને ભારતમાં સન્માનિત સ્થાન પ્રદાન કરવું ભારત સરકારની જવાબદારી છે. ગૃહ મંત્રીએ કહ્યું કે વસ્તીગણતરી ૨૦૨૧ અને એનઆરસી કે એનપીઆર સાથે કોઈ લેવા-દેવા નથી.તેઓએ કહ્યું કે, વસ્તીગણતરી અને એનપીઆર દેશમાં દર દસ વર્ષે થાય છે અને આ વખતે પણ તે દસ વર્ષ બાદ થઈ રહ્યું છે.

સંત રાજિન્દર સિંહજી મહારાજને ભવ્ય ક્રોસ અને સુવર્ણ તારાથી સન્માનિત કરવામાં આવ્યું

વડોદરા,તા. ૬

આ ખૂબ જ ગૌરવની વાત છે કે કોલમ્બિયાની સરકારે તાજેતરના કોલમ્બિયાના કાલી પ્રવાસ પર પરમ સંત રાજીન્દર સિંહજી મહારાજને પોતાનો સર્વોચ્ચ સન્માન ધ એક્સક્લુઓર્ડિનરી ગ્રાન્ડ ક્રોસ આપ્યો. ક્વિન્ટોના રાજ્યપાલ કાર્લોસ એડ્યુઆર્ડો વિભાગ દ્વારા સંત રાજિન્દર સિંહજી મહારાજને ભવ્ય ક્રોસ અને સુવર્ણ તારાથી સન્માનિત કરવામાં આવ્યું,

સંત રાજીન્દર સિંહજી મહારાજે કહ્યું કે, જેમ આપણે ૨૦૨૦ માં પ્રવેશ કરીએ છીએ અને આપણી શારીરિક, માનસિક અને ભાવનાત્મક સુખાકારી પર ધ્યાન કેન્દ્રિત કરવા જઈએ છીએ, ચાલો આપણે પણ સૌથી મહત્વપૂર્ણ પાસા, એટલે કે આપણી આધ્યાત્મિક પ્રગતિને ભૂલી ન જઈએ. પરમ સંત કિરપાલ સિંહજી મહારાજ કહેતા, 'આધ્યાત્મિક સ્વાસ્થ્ય પર મન અને શરીરનું સ્વાસ્થ્ય નિર્ભર છે.' જો આપણે આધ્યાત્મિક રીતે ઉત્સાહિત થઈએ, તો આપણે આપણા જીવનના દરેક પાસામાં સારુ પ્રદર્શન કરી શકીએ અને શાશ્વત શાંતિની સ્થિતિ પ્રાપ્ત કરી શકીશું. જેના પરિણામે, આપણે આંતરિક અને બાહ્ય શાંતિ અનુભવીએ છીએ, જે આપણા કુટુંબ, સમાજ, રાજ્ય, દેશ અને સમગ્ર વિશ્વમાં વિસ્તરે છે. ધીરે ધીરે, તે શાંતિપૂર્ણ વાતાવરણ તરફ દોરી જાય છે અને શાંત વિશ્વમાં ફાળો આપે છે. ''સંત રાજીન્દર સિંહજી મહારાજે વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલના દાખલા ટાંકતા કહ્યું હતું કે આંતરિક સમયમાં અને બાહ્ય શાંતિ તરફ દોરી ગયેલી ધ્યાનની રીતને અનુસરીને આધુનિક સમયમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે.

ધ્યાનની તેમની અસરકારક પદ્ધતિઓ માટે વિશ્વભરમાં જાણીતા, સંત રાજીંદર સિંહજી મહારાજ, સાવન કિરપાલ રૂહાની મિશનના (નફાકારક, આધ્યાત્મિક સંસ્થા) , ના વડા છે. ભૂતકાળમાં, સંત રાજીંદર સિંહજી મહારાજે ધ્યાન દ્વારા આ વિશ્વમાં સુમેળ અને શાંતિ લાવવાની અને અહિંસક જીવનશૈલી અપનાવવાની વાત કરતા સંયુક્ત રાષ્ટ્રને સંબોધન કર્યું હતું.

પશ્ચિમ એશિયામાં તણાવને કારણે સોનાના ભાવમાં વૈશ્વિક સ્તરે વધારો

વડોદરા,તા. ૬

પશ્ચિમ એશિયામાં ભૌગોલિક રાજકીય તણાવ વધવાથી વૈશ્વિક સ્તરે કિંમતી ધાતુઓની કિંમતમાં વધારો નોંધાયો છે. ભારતમાં સોમવારે સોનાના ભાવમાં નવી ઊંચાઇ જોવા મળી હતી. ભારતમાં સોમવેરે સોનાના ભાવ ૪૧,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામે પહોંચી ગયા છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં સોનાના ભવ છેલ્લા ૬ વર્ષમાં સર્વાધિક ઊંચાઇએ પહોંચીને નવો રેકોર્ડ બનાવ્યો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ચાંદીની કિંમતોમાં પણ તેજી જોવા મળી રહી છે.

અમેરિકા અને ઇરાન વચ્ચે વધી રહેલા તણાવને પગલે સમગ્ર દુનિયાના રોકાણકારોનું ધ્યાન તેની ગતિવિધિ પર કેન્દ્રિત થયેલું છે. આ જ કારણોસર સોનાના ભાવમાં ભારે ઉછાળો જોવા મળે છે. સોનાની કિંમતો છ વર્ષના ઉચ્ચતમ સ્તરે આવી પહોંચી છે.સોનાનો હાજર ભાવ ૨.૩ ટકાના વધારા સાથે ૧,૫૮૮.૧૩ ડોલર પ્રતિ ઔસ પહોંચી ગયો છે, જે એપ્રિલ ૨૦૧૩ પછીનું ઉચ્ચતમ સ્તર છે. આજ પ્રકારે ઘરેલુ સ્તરે ઘટાડાની અસર સોનાની કિંમતો પર જોવા મળી રહી છે.ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (આઈબીજેએ)ની વેબસાઇટની અનુસાર આજે દિલ્હીમાં ૨૨ કેરેટ સોનાની કિંમત રૂપિયા ૪૧,૩૯૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. જ્યારે મુંબઈમાં ૨૨ કેરેટ સોનાની કિંમત ૪૧,૩૩૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ છે. દિલ્હીમાં ચાંદીનો ભાવ રૂપિયા ૪૮,૩૭૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ છે. મુંબઈમાં ચાંદીનો ભાવ રૂપિયા ૪૭.૫૭૫ પ્રતિ કિલોગ્રામ છે.બીજી તરફ ડોલરની સરખામણીએ ભારતીય રૂપિયાની કિંમત ૩૧ પૈસા ઘટીને રૂપિયા ૭૨.૧૧ રૂપિયા અમેરિકન ડોલર પર આવી ગઇ છે. બીજી તરફ સોના-ચાંદીની કિંમતોમાં રેકોર્ડ તેજી જોવા મળી છે. પાછલા બે દિવસોમાં સોનાની કિંમતો પ્રતિ ૧૦ ગ્રામ ૧૮૦૦ રૂપિયાની તેજી જોવા મળી છે. ભારતીય વાયદા બજારમાં મલ્ટી કોમોડિટી એક્સચેન્જ એટલે કે એમસીએક્સ પર સોમવારે શરૂઆતી કલાકમાં કારોબાર દરમિયાન સોનાની કિંમત રૂપિયા ૪૧,૦૯૬ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે પહોંચી છે. ચાંદીનો વાયદો પણ ૨.૦૮ ટકાના વધારા સાથે રૂપિયા ૪૮,૫૧૪ રૂપિયા પ્રતિ કિલોગ્રામ છે.

શહેરના દંતેશ્વર ગામે પ્રેમીકાના ભાઈએ બહેનના પ્રેમી પર હુમલો કરતા વચ્ચે પડેલી યુવતી ઘાયલ

વડોદરા, તા. ૬

યુવતી સાથે મિત્રતા ના રાખવાના મુદ્દે યુવાન પર તિક્ષણ હથિયારથી હુમલો કરવાના બનાવ વચ્ચે છોડાવવા પડેલ યુવાનની બહેનને હાથ ભાગે તિક્ષણ હથીયાર વાગી જતા સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. મકરપુરા પોલીસ મથકે મામલો પહોંચતા પોલીસે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથધરી હતી.બનાવની પ્રામ વિગતોનુસાર દંતેશ્વર ગામના ટેકરાવાળા ફળીયામાં રહેતા મહેશ બાબુલાલ ચૌધરીને તેના નજીક રહેતી યુવતી સાથે મિત્રતા હતી જેથી તેઓ અવાર નવાર એકબીજાને મળતા હતા. મહેશ અને તેની ગર્લફ્રેન્ડના ભાઈ ભયલું ચૌદરીને જાણ થઈ હતી. જેથી ભયલુ મહેશ ચૌધરી ઉપર રોષે ભરાયો હતો. અને તેની બહેન સાથે મિત્રતા નહી રાખવા માટે જણાવ્યું હતું તેમ છતાં મહેશ ચૌધરી તેની ગલફ્રેન્ડની ચોરી છુપીથી બન્ને એકબીજાને મળતા હતા બન્ને ગુમ મુલાકાતનો પર્દાફાશ થયો હતો જેથી રોષે ભરાયેલ ભયલુ ચૌધરી ગઈકાલે મોડી રાત્રે તેના બે મિત્રો સાથે મહેશ ચૌધરીના ઘરે પહોંચ્યા હતા. જયાં તેને મહેશ ચૌધરી સાથે બોલાચાલી સાથે ઝઘડો કરી માર મારવાનું શરૂ કર્યું હતું.

જોકે ઘરમાંહાજર મહેશની બહેન ચંદ્રીકા બાબુલાલ ચૌધરી (ઉ.વ.૧૯) બહાર દોડી આવી હતી અને ઝઘડામાં ભાઈને છોડાવવા પડી હતી. જેમાં ભયલુએ તેણીના હાથ ઉપર બ્લેડનો ઘા મારી ઘાયલ કરી હતી. બ્લેડના ઘાથી ઈજા પામેલ ચંદ્રીકા ચૌધરી સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે દોડી આવી હતી. જેથી આ સમગ્ર મામલો મકરપુરા પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસે આ બનાવ સંદર્ભે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ મથકમાં જ મહિલાએ થર્મોસ મારી દેતા પાડોશી ઘાયલ

વડોદરા, તા. ૬

ધાબા ઉપર ડીશ એન્ટીના હલાવી દેવાના મુદ્દે પાડોશીઓ વચ્ચે થયેલા ઝઘડાની વાત પોલીસ મથક સુધી આવી પહોંચી હતી. પોલીસની નજર સામે મહિલાએ સોમાભાઈ પરમારને થમોસ મારી દીધા બાદ જોઈ લેવાની ધમકી ઉચ્ચારી હતી. લક્ષ્મીપુરા પોલીસ મથકે મીનાબેન સહિત ત્રિપુટી વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.પોલીસ વર્તુળો દ્વારા પ્રામ માહિતી અનુસાર ગોત્રી વુડાના મકાનમાં સોમાભાઈ પરમાર અને તેમની પાડોશમાં મીનાબેન વિરેન્દ્ર તિવારીનો પરિવાર રહે છે. ધાબા ઉપર ડીશ એન્ટેના હલાવી દેવાના મુદ્દે બન્ને પરિવાર વચ્ચે બોલાચાલી થઈ હતી. સગીરવયની કિશોરીએ પોલીસ મથકે મોબાઈલ ફોનથી જાણ કરતા પોલીસ આવી પહોંચી હતી.

જાંબુઘોડા તાલુકામાં ઠેરઠેર નાગરિકતા સંશોધન કાયદાની સમજ આપતા ભાજપના કાર્યકરો

(તસવીર : સાગર વાળંદ, જાંબુઘોડા)



(પ્રતિનિધિ)જાંબુઘોડા,તા. ૬

મોદી સરકારે નાગરિકતા સંશોધન અધિનિયમ ૨૦૧૯ બનાવીને ગાંધીજીને સાચી શ્રદ્ધાંજલિ અર્પી છે. આ નાગરિકતા સંશોધન કાયદાને સમર્થન અને લોકોને આને સાચી સમજ ણ આપવા માટે જાંબુઘોડા તાલુકામાં ભારતીય જનતા પાર્ટી ના કાર્યકર્તાઓ દ્વારા ઠેર ઠેર કાર્યક્રમો કરવામાં આવ્યા હતા

જાંબુઘોડા તાલુકામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા તાલુકાના દરેક ગામ ખાતે રવિવાર ના રોજ વિવિધ કાર્યક્રમો યોજીને નાગરિકતા સંશોધન અધિનિયમ ૨૦૧૯ ના કાયદા અને વડાપ્રધાન નરેન્દ્રમોદી દ્વારા બિલ બનાવવા બદલ સમર્થન આપ્યું હતું તથા જાંબુઘોડા તાલુકાના ગામોમાં દરેક લોકો નાગરીકતા સંશોધન કાયદા વિશે જાગૃત થાય તે હેતુથી જનજાગૃતિ અભિયાન હાથ ધરાયું હતું.પંચમહાલ જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિન ભાઈ પટેલ તથા જાંબુઘોડા તાલુકા ભાજપ પ્રમુખ મયંક ભાઈ દેસાઈ તેમજ ભાજપના અગ્રણી કાર્યકરો દ્વારા ભારત દેશમાં નાગરિકતા સંશોધન કાયદા નુ સમર્થન કરાયુ હતુ.

છોટાઉદેપુર જિલ્લાશિક્ષણાધિકારીની કચેરીના અંધેર વહીવટથી કર્મચારીઓમાં રોષ

(પ્રતિનિધિ)બહાદરપુર,તા. ૬

છેલ્લા ૬ મહિના કરતાંય વધુ સમયથી છોટાઉદેપુર જિલ્લાના ૩૦ જેટલા માધ્યમિક શિક્ષકોનું સી.પી.એફ બંધ થયું હોવા છતાં જિલ્લાશિક્ષણાધિકારી ની કચેરી દ્વારા યોગ્ય સમયસર કાર્યવાહી ન થતા શિક્ષકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

વર્ષ ૨૦૦૭-૨૦૦૮ માં પુરા પગારમાં આવેલા કર્મચારીઓ નો જ પ્રશ્ન છે.જેતે વખતે વડોદરામાં થી જુદો પડેલો છોટાઉદેપુર જિલ્લાના કારણે આ ૩૦ જેટલા માધ્યમિક શિક્ષકો અટવાયેલા છે.જે તે વખતે સી.પી.એફ ચાલુ કરવા માટેની અરજી અને જરૂરી દસ્તાવેજો સાથે આ કર્મચારીઓએ પોતાની ફાઇલ જિલ્લાશિક્ષણાધિકારી ની કચેરી વડોદરા ખાતે મુકેલી હતી અને જે ફાઇલ મંજુર થતા આ કર્મચારીઓના સી.પી.એફ પગારમાં થી કપાવવાનું ચાલુ થઈ ગયું હતું.પરંતુ ત્યાર બાદ છોટાઉદેપુર જિલ્લો જુદો પડતા આ કર્મચારીઓની ઓટો અપડેટ થી છોટાઉદેપુર જિલ્લાના કર્મચારીઓ જુદા પડ્યા હતા પરંતુ કચેરીની ભૂલ કહો કે સરકારની ભૂલ કહો આ જિલ્લાના ૩૦ જેટલા કર્મચારીઓ નો પગાર છોટાઉદેપુર જિલ્લા માં થાય છે અને સી.પી.એફ ની કપાત નો રેકોર્ડ વડોદરા કચેરીમાં આવે છે.ત્યાંથી કોઈ ભૂલ કે સુધારા માટે કોઈપણ પરિપત્ર કરવામાં આવે છે તો તે અન્ય જિલ્લાના કર્મચારી ને ન મળતા તેઓ અટવાયા કરે છે.આ અંગે વડોદરા કચેરીમાં ફરીથી નવા ફોર્મ ભરીને ફરીથી સી.પી.એફ ચાલુ કરાવવા માટે આધાર પુરાવા સાથે કચેરી માં આપ્યા હતા જ્યાં બે મહિના કરતા પણ વધુ સમય ફાઈલો પડી રહી અને પાછી જે તે કર્મચારીઓને ફાઈલો પરત કરીની આ ફાઈલો છોટાઉદેપુર કચેરીમાં જમા કરાવવા માટે જણાવાયું હતું.આ કચેરીમાં પણ ફાઈલો જમા કરાવે દોઢ મહિના કરતાંય વધુ સમય થઈ ગયો હોવા છતાં હજુ સુધી આ ફાઈલો online કરવામાં જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી નિષ્ફળ નીવડી છે.

આ અંગે વારંવાર રજુવાતો કરવા છતાંય છોટાઉદેપુર જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી આજદિન સુધી આ કર્મચારીઓની કાર્યવાહી કરવામાં સદંતર નિષ્ફળ નીવડ્યું છે.

એક બાજુ છેલ્લા છ મહિના કરતાંય વધુ સમયથી છોટાઉદેપુર જિલ્લાશિક્ષણાધિકારી ની જગ્યા ખાલી હોવાના કારણે સમગ્ર કચેરીનો વહીવટ રામ ભરોસે ચાલી રહ્યો છે.પગાર માં પણ સમયસર થતો નથી કચેરીના અન્ય કામો પણ વારંવાર ધક્કા ખાવા છતાં પણ થતા ન હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.૩૦ જેટલા કર્મચારીઓ નો સી.પી.એફ નો પ્રશ્ન વહેલી તકે ઉકેલીને ફરીથી કર્મચારીઓનું સી.પી.એફ કપાવવાનું ચાલુ થાય એ માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લાગણી અને માંગણીઓ કર્મચારીઓ કરી રહ્યા છે.

છોટાઉદેપુર જીલ્લા પોલીસ દ્વારા બે મોટર સાયકલ સાથે બે ઈસમની ધરપકડ

છોટાઉદેપુર, તા. ૬

પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમાં વડોદરા રેંજ તથા છોટાઉદેપુર જીલ્લા પોલીસ અધિક્ષક એમ.એસ.ભાભોર સા.નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ ના.પો.અધિક્ષક એ.વી.કાટકડ તથા ના.પો.અધિક્ષક જે.જી.ચાવડાનાઓ દ્વારા મોટરસાયકલ ચોરીના ગુનાઓ શોધી કાઢવા છોટાઉદેપુર જીલ્લા એલસીબી, એસઓજી, છોટાઉદેપુર પોલીસ સ્ટેશન પાનવડ પોલીસ સ્ટેશન બોડેલી પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી તથા પોલીસ કર્મચારીઓની અલગ અલગ ટીમો બનાવી પાનવડ ટાઉનમાં હાટ બજાર ખાતે કોબીંગ તથા ચેકીંગ કરાતું હતું.નારલીયાભાઈ ભોદરીયાભાઈ જાતે કિરાડ (ઉ.વ.૩૫) ધંધો-મજુરી (રહે. સોરવા, દેગવડા ફળીયા, તા.કઠીવાડા જી.અલીરાજપુર (એમ.પી)ના કબ્જામાંથી એફ.એચ.એફ ડીલક્ષ મોટર સાયકલ નંબર વગરની જેનો ચેસીસ નં. ૦૬૨૯૦ તથા રતનભાઈ વેસ્તાભાઈ જાતે.ડુડવા (ઉ.વ. ૨૨) ધંધો-મજુરી (રહે. સોરવા સુરી ફળીયા, તા.કઠીવાડા, જી.અલીરાજપુર (એમ.પી.)ના કબ્જામાંથી એક હિરો પેશનપ્રો મોટર સાયકલ નંબર વગર જનો ચેચીસ નં. ૩૬૯૮૨ નો છે.

જેની કિંમત રૂા.૫૦૦૦/- જેટલી છે. જે બન્ને મો.સા.ના ચાલકોએ સદર મો.સા. ચોરી કરી કે છડકપટથી મેળવેલ હોવાનું જણાતા સીઆરપીસી કલમ-૧-૨ કબજે કરી આરોપીઓની અટક કરવામાં આવેલ છે. જેઓને આગળની કાર્યવાહી કરવા માટે પાનવડ પોલીસ સ્ટેશન ખાતે સોપવામાં આવેલ છે.

અપાર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

(CIN : L91110GJ1989PLC012802)

રજીસ્ટર્ડ ઓફિસ : ૩૦૧, પનોરમા કોમ્પલેક્ષ, આર.સી.દત્ત. રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૭ (ગુજરાત), ઈન્ડીયા.
ફોન નં. (૦૨૬૫) ૨૩૩૯૯૦૧, ફેક્સ: (૦૨૬૫) ૨૩૩૦૩૯ E-mail : com_sec@apar.com Website : www.apar.com

સિકયોરીટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા (સેબી) ના પરિપત્ર ક્રમાંક સેબી/એચઓ/એમઆઈઆરએસડી/ડીઓએસ૩/સીઆઈઆર/પી/૨૦૧૮/૧૩૯ તારીખ: ૦૬-૧૧-૨૦૧૮ અન્વયે આથી સૂચના આપવામાં આવે છે કે નીચે દર્શાવિલ ઈક્વીટી શેર્સ જે સંબધિત શેર પ્રમાણપત્રમાં જણાવેલ છે તે શેર તબદીલ લેનારના નામે હસ્તાંતરણ કરવા માટે કંપની પાસે મોકલવામાં આવેલ છે.

ફોલીઓ નં.	તબદીલ આપનારનું નામ	પ્રમાણપત્ર નંબરો	ડીસ્ટીંક્ટીવ નંબરો	શેર્સની સંખ્યા	તબદીલ લેનારનું નામ
એન૦૦૦૦૨૧૮	નીમા	૧૨૮૦૬૯-૧૨૮૦૭૦ અને ૧૫૯૨૦૩	૧૭૫૭૧૫૬-૧૭૫૭૧૬૭ અને ૨૪૨૯૧૭૧૯-૨૪૨૯૧૭૨૨	૧૬	ધર્મેન્દ્ર લુનિયા

ઉપર દર્શાવિલ શેર્સ પ્રમાણપત્રો અંગે કોઈ વ્યકિતને દાવો હોય તો તેણે આ સૂચના પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર કંપનીને તેની રજીસ્ટર્ડ ઓફિસ પર પહોંચે તે રીતે દાવાના દસ્તાવેજી પુરાવા સાથે સંપૂર્ણ વિગતો કંપનીને મોકલવી. જો આમ કરવામાં નિષ્ફળ રહેશે તો કોઈપણ પ્રકારની વધુ માહિતી આપ્યા વિના કંપની તબદીલ લેનારની તરફેણમાં ઉપરોકત સંબંધિત શેર્સના હસ્તાંતરણ માટે આગળ વધશે. આ સૂચનાની પ્રકાશિત કોપી કંપનીની વેબસાઈટ www.apar.com ઉપર મૂકવામાં આવી રહી છે.

અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી,
સહી/-
સંજય કુંદર
કંપની સેક્રેટરી

સ્થળ : મુંબઈ
તારીખ : ૦૬.૦૧.૨૦૨૦